રાજ્યમાં કોવિડ-૧૯ એપેડેમીક અન્વયે ખાનગી
હોસ્પિટલો ખાતે આવેલ ૫૦% પથારી કોવિડ-૧૯
ના દર્દીઓ માટે રીઝર્વ રાખવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એનસીવી-૧૦૨૦૨૦-એસએફએસ-૨-ગ.(પા.ફા.-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૫/૨૦૨૦

**આમુખ:-**

કોરોના વાયરસ કોવિડ-૧૯ ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃએનસી.વી.-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩.૩.૨૦૨૦ ના જાહેરનામાથી રાજયમાં ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે.

હાલ ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસથી ૧૫૦૦૦ થી વધુ દર્દીઓ સંક્રમિત થયેલ છે. આ દર્દીઓ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલો ખાતે તેમજ સરકારશ્રી દ્વારા ડેઝીગ્નેટેડ કરેલ કોવિડ હોસ્પિટલો ખાતે સારવાર લઇ રહેલ છે. ગુજરાત રાજ્યમાં સતત વધી રહેલ કોરોનાના દર્દીઓની સંખ્યા ધ્યાનમાં લેતાં, સરકારી હોસ્પિટલો તેમજ ડેઝીગ્નેટેડ હોસ્પિટલો ખાતે વધુ પથારીની જરૂરિયાત ઉભી થઇ શકે છે.

હાલની પરિસ્થિતિ ધ્યાને લઇ ગુજરાત રાજ્યમાં આવેલા તમામ ખાનગી હોસ્પિટલો તથા ક્લીનીક ખાતે આવેલી કુલ પથારીના ૫૦% પથારીઓ કોવિડ-૧૯ ના દર્દીઓ માટે ઇઅરમાર્ક કરવાની રાજ્ય સરકાર દ્વારા એપીડેમીક એક્ટ ૧૮૯૭ અન્વયે નક્કી કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજ્યની ખાનગી હોસ્પિટલો તથા ક્લીનીક ખાતે જ્યાં ૨૦ કે તેથી વધુ પથારીઓ આવેલી હોય ત્યાં કુલ પથારીની ૫૦% પથારી સરકારશ્રીને સોંપવાની રહેશે. તેમજ આ ખાનગી હોસ્પિટલો તથા ક્લીનીકોએ કોવિડ-૧૯ સિવાયના દર્દીઓ માટે એટલેકે અન્ય રોગના દર્દીઓ માટે બાકીની ૫૦% પથારીઓનો ઉપયોગ કરી શકાશે. કોવિડ-૧૯ ના દર્દીઓ માટે રીઝર્વ રાખેલ ૫૦% પથારીઓ સરકારશ્રી દ્વારા જ્યારે જરૂરિયાત ઉભી થશે ત્યારે આ પથારીઓનો ઉપયોગ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ કક્ષાએથી મળેલ સંમત્તિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હરેશ પરમાર)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર મારફત)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) મંત્રીશ્રી.ક.રા. અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી, અમદાવાદ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે ઉપસચિવશ્રીઓ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેક્શન અધિકારીશ્રી,અ, જ, બ,૧ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.
- શાખાસિલેક્ટ ફાઇલ – ૨૦૨૦